# પ્રેસનોટ

---

## એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે 'સજીવ ખેતી' તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા સજીવ ખેતી વિષય ઉપર પાંચ દિવસીય તાલીમ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૩નાં રોજ માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જી. આર. પટેલ, કુલસચિવશ્રી, ડૉ. બી. એન. ભંડેરી, સિનીયર મેનેજર, અમુલ ડેરી, આણંદ અને એગ્રોનોમી વિભાગના પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાએ ખેડૂતોને સજીવ ખેતી તરફ વળવા અને થયેલ ઉત્પાદનને ખેડૂત મંડળી બનાવી વેચાણ કરવા અનુરોધ કરેલ હતો. વધુમાં તેઓએ જણાવેલ કે સદર તાલીમમાં ઉપસ્થિત તાલીમાર્થીઓ તાલીમ બાદ માસ્ટર ટ્રેનર તરીકે ફરજ બજાવી બીજા ખેડૂતોને સજીવ ખેતી તરફ વાળવાનાં પ્રયત્નો કરે તેવી હાંકલ કરી હતી જે થકી આવનારા દિવસોમાં સજીવ ખેતીનો વ્યાપ વધશે તેવી આશા વ્યક્ત કરી હતી.

સદર તાલીમમાં વિવિધ વિષય નિષ્ણાતો દ્વારા સજીવ ખેતીના વિવિધ આયામો જેવા કે પોષણ વ્યવસ્થા, પાક સંરક્ષણ, ક્ષેત્રિય વ્યવસ્થાપન, બાયો-ડાયનેમિક ખેતી, પ્રાકૃતિક ખેતી અને તેના વિવિધ આયામો, ગૌઆધારિત ખેતી, સર્ટિફિકેશન પદ્ધતિ, બજાર વ્યવસ્થા, સજીવ ખેતીમાં આવતી મુશ્કેલીઓ અને તેમાં સમાધાન વગેરે વિષયોને આવરી લેવામાં આવેલ, જેથી ખેડૂતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે તેમજ તેઓ રસાયણમુક્ત અનાજ, શાકભાજી, ફળ વગેરેનું ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરી વધુ આર્થિક વળતર મેળવી શકે. વિશ્વમાં હાલ તૃણ ધાન્ય વર્ષની ઉજવણી કરવામાં આવી રહેલ હોઈ તાલીમાર્થીઓને સદર બાબતે પણ અવગત કરવામાં આવેલ અને તૃણ ધાન્યની સ્વાસ્થ્ય સંબંધી ઉપયોગીતા માટેનું વિશેષ વ્યાખ્યાન પણ ગોઠવવામા આવ્યું હતું.

તાલીમાર્થીઓને સજીવ ખેતી વિષે વધુ જાણકારી અને અનુભવ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ સજીવ ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત દેવેશભાઈ પટેલ, સત્વ ઓર્ગેનિક ફાર્મ, બોરીયાવી, ઉમેશગીરી ગોસ્વામી (ગીરી ફાર્મ), નરસંડા, ઉત્પન્ન ઓર્ગનિક ફર્ટિલાઇઝર (બાયોગેસ પ્લાન્ટ), પીજ તથા ગેટ ઓર્ગેનિક સ્ટોરની રૂબરુ મુલાકાત પણ કરાવવામાં આવેલ તેમજ એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ સજીવ ખેતીના કૃષિ સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવેલ.

સદર તાલીમમાં અમુલ ડેરી, પંચામૃત ડેરી અને સરદાર પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સના કર્મચારીશ્રીઓ તથા ખેડા જીલ્લાનાં સજીવ ખેતીમાં રસ ધરાવતા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમના અંતમા આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ,બં. અ. કૃષિ મહાવિદ્યાલય ડૉ. વાય. એમ. શુક્લા અને પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ ડૉ. વી. વાય. પટેલ અને ડૉ. જી. એન. મોટકા  દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

## <u>સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>












